Monday
14.07.2025
✳Volume :9 ✳ Issue No.03
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં કુલ રૂ. ૩૮ કરોડના ખર્ચે 'વ્હાઈટ ટોપિંગ રોડ'ના કામ પૂર્ણ કરાયા

## રાજધાનીમાં કુલ ૬.૨૦ કિ.મી. લંબાઈનો કોબા-અડાલજ લિંક રોડ તથા ૨.૮૦ કિ.મી. લંબાઈનો સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ રોડની કામગીરી પૂર્ણ કરાઈ



કમલમ્,

ચોમાસાની ઋતુમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ-પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા-પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશા -દર્શનમાં માર્ગ અને મકાન વિભાગને કડક સૂચના આપી છે. જે અનુસંધાને હાલમાં રાજ્યભરમાં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગુજરાતમાં વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવા અંગે સૂચન કર્યું હતું. જેના ભાગરૂપે મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં કુલ રૂ. ૩૮ કરોડના 'વ્હાઈટ ટોપિંગ' રોડના કામોને મંજૂરી આપી હતી. જેમાં ગાંધીનગરમાં ૬.૨૦ કિ.મી. લંબાઈનો કોબા-અડાલજ લિંક રોડ, ૨.૮૦ કિ.મી. લંબાઈનો સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ રોડનો સમાવેશ થાય છે. આ બંને રસ્તાઓની વ્હાઈટ ટોપિંગ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્હાઈટ ટોપિંગ કરવામાં આવેલા રોડનું આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. વ્હાઈટ ટોપિંગ હાલની ડામરની સપાટી પર લગાવવામાં આવ્યું છે. આ તકનીક આર્થિક રીતે આર.સી.સી. રોડની તુલનાએ વધુ સરળ છે. આ પદ્ધતિ ડામરના રિસર્ફેસિંગ કરતા વધુ લાભદાયી માનવામાં આવે છે. રસ્તામાં ડામર સપાટી ઉપર ૨૦ સી.મી. કોંક્રિટના થરની કામગીરી કરવામાં આવે છે. જે ડામર તથા આર.સી.સી.ની કામગીરીથી જુદી પદ્ધતિ છે. ચોમાસાની ઋતુમાં પાણીના વધુ પ્રવાહના કારણે ગુણવત્તાયુક્ત અને સઘન દેખરેખ સાથે કરવામાં આવેલા ડામરના રોડમાં પણ પેચ પડતા હોય છે.

આવી પરિસ્થિતિમાં વ્હાઈટ ટોપિંગ તકનીક ફાયદાકારક ગણવામાં આવે છે. વ્હાઈટ ટોપિંગની કામગીરી કરેલો રોડ હવે વાહન વ્યવહાર માટે શરૂ કરવામાં આવ્યો છે તેમ, માર્ગ અને મકાન વિભાગની યાદીમાં જણાવાયું છે.



કમલમ્,

નવસારી ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીએ નવનિર્મિત સિંદૂર વનમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, પ્રભારી શ્રી જનકભાઈ બગદાણાવાળા સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

નવસારી ખાતે પ્રાકૃતિક વેચાણ બજાર નું ઉદઘાટન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, પ્રદેશ મંત્રી શ્રી શીતલબેન સોની, પ્રભારી શ્રી જનકભાઈ બગદાણાવાળા સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.









કમલમ્,

નવસારી ખાતે નવનિયુક્ત સરપંચ અભિવાદન સમારોહમા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખ શ્રી ભુરાભાઈ શાહ, ધારાસભ્યશ્રીઓ શ્રી નરેશભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ દેસાઈ, શ્રી આર.સી.પટેલ,પ્રદેશ મંત્રી શ્રી શીતલબેન સોની, પ્રભારી શ્રી જનકભાઈ બગદાણાવાળા સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

વાલ્કેશ્વર મહાદેવ મંદિર ખાતે સિધ્ધપુર ભારતીય જનતા પાર્ટી અને સિધ્ધપુર શહેર ક્ષત્રિય સમાજ તેમજ શિવમ પેલેસ પરિવાર દ્વારા નવનિયુક્ત સરપંચો & હોદ્દેદારોનો સન્માન સમારોહ કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ના ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં નવનિયુક્ત સરપંચો, ઉપસરપંચો, તાલુકા અને શહેરના હોદ્દેદારો તેમજ ભાજપમાં જોડાયેલા કાર્યકરોનું સન્માન કરાયું. અંત્યોદય સાથે રાષ્ટ્રસેવા માટે સમર્પિત ભાજપની વિચારધારાથી પ્રેરિત થઈ શહેર કોંગ્રેસના પ્રમૂખ શ્રી કિરણસિંહ ઠાકોર તેમજ કાર્યકર્તાઓએ ભાજપમાં જોડાયા. જોડાયેલ સૌનું ભાજપ પરિવારમાં હાર્દિક સ્વાગત છે. આ પ્રસંગે શ્રી નંદાજી ઠાકોર, શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી દિલીપજી ઠાકોર, શ્રી પ્રહલાદભાઈ પટેલ, અનિતાબેન પટેલ, સોનલબેન ઠાકર, ગોપાળજી જવાનજી રાજપૂત, શ્રી મંગાજી ઠાકોર, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી રણજીતસિંહ સોલંકી, તાલુકા અને શહેર ભાજપના મહામંત્રીશ્રીઓ, નગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ, સરપંચશ્રીઓ, તેમજ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ફિટ ઈન્ડિયા મુવમેન્ટને આગળ વધારવા માટે 'સન્ડે ઓન સાયકલ' દેશમાં એક ક્રમ બની ગયો છે: ડૉ. મનસુખ માંડવિયા

## કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાની આગેવાની હેઠળ "સન્ડે ઓન સાયકલ" રેલી યોજાઈ








### સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, ગાંધીનગર દ્વારા આયોજિત રેલીમાં ભારત સરકારના વિવિધ જાહેર ક્ષેત્રોના ઉપક્રમો જોડાયા

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' અને સન્ડે ઓન સાયકલ' અભિયાન હેઠળ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. મનસુખભાઈ માંડવિયાની આગેવાનીમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાનો હતો. જેને કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા અને પેરા પાવરલિફ્ટિંગમાં અર્જુન એવોર્ડ વિજેતા શ્રી રાજીન્દર રહેલુ દ્વારા હરી ઝંડી બતાવીને પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ રેલીને સંબોધતા જણાવ્યું હતું કે ફિટ ઈન્ડિયા મુવમેન્ટને આગળ વધારવા માટે 'સન્ડે ઓન સાયકલ' આખા દેશની અંદર એક ક્રમ બની ચૂક્યો છે. એક અભિયાનના રૂપમાં દેશના યુવાઓ આ ચલાવી રહ્યા છે. આજે સમગ્ર દેશમાં ૭૦૦૦થી અધિક સ્થાનો પર 'સન્ડે ઓન સાયકલ'રેલી કાઢીને દેશના યુવાનોએ ફિટ ઈન્ડિયાનો સંદેશ આપ્યો છે. સાયકલિંગ એ બેસ્ટ એક્સરસાઈઝ છે. સાયક્લિંગ 'પોલ્યુશનનું સોલ્યુશન' છે. સાયક્લિંગ ટ્રાફિકનું સમાધાન છે. સાયક્લિંગ એ ફિટ રહેવાનો મંત્ર છે. આ અભિયાન વિશે વધુ જણાવવા તેમણે કહ્યું હતું કે, આપણા ઘરથી કામકાજનું સ્થાન દૂર ન હોય તો સાયકલ લઈને જઈએ. ફિટ રહીએ, સ્વસ્થ રહીએ. પોતાનો અનુભવ શેર કરતા તેમણે ઉમેર્યું હતું કે, "મેં સાયકલિંગને ૧૩ વર્ષથી મારો શોખ અને રુચિ બનાવી છે. હું પાર્લામેન્ટ પણ લગાતાર ત્રણ વર્ષ સુધી સાયકલ પર જ ગયો હતો. અત્યારે પણ અને જ્યારે જ્યારે સમય મળે, ત્યારે હું સાયકલિંગ કરી લઉં છું."આ રેલી મહાત્મા મંદિરથી શરૂ થઈને શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. રેલીના પ્રારંભ પૂર્વે યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ ગાંધીનગર ખાતે કોચિંગ કેમ્પમાં ભાગ લેવા આવેલી ભારતીય યુથ વુમન હેન્ડબોલ ટીમ સાથે મંત્રી શ્રી માંડવિયાએ વાર્તાલાપ પણ કર્યો હતો. આ રેલીમાં LIC, BSNL, Indian Oil, Bharat Petroleum, Hindustan Petroleum, ONGC, NPCC, GAIL, WAPCOS જેવા ભારત સરકારના તેમજ ગુજરાત મેટ્રો અને iNDEXTb જેવા રાજ્ય સરકારના જાહેર ક્ષેત્રોના ઉપક્રમો સાથે ધારાસભ્ય, શહેરના મેયર, કલેક્ટર, પોલીસ અધિક્ષકની સાથે NYKs અને NSS તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



કમલમ્,

SMVS શ્રી તીર્થધામ ગોધર ખાતે ભવ્ય ગુરુપૂર્ણિમા પ્રતીક ઉત્સવ નિમિત્તે રાખેલ સમૈયામાં શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાના ગુરુજી પ. પૂ. સત્યસંકલ્પસ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) ની દિવ્યવાણી અને દિવ્ય આશીર્વાદ કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. આ અવસરે કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર ના પરમ પૂજ્ય પિતાશ્રીના આત્માની શાંતિ માટે અને ભગવાન સ્વામિનારાયણ એમના ચૈતન્યને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે એ નિમિત્તે પ્રાર્થના તેમજ ધૂન કરવામાં આવી.

